ટેલ ઓફ ઓરીગ્સ

પેક – 3

પોઝીટીવ પર્સી

બુક - ૭



VISIT…

ત્રિમંત્ર

નમો વીતરાગાય
નમો અરિહંતાણં
નમો સિદ્ધાણં
નમો આયરિયાણં
નમો ઉવઝ્ઝાયાણં
નમો લોએ સવ્વસાહૂણં
એસો પંચ નમુક્કારો;
સવ્વ પાવપ્પણાસણો
મંગલાણં ચ સવ્વેસિં; પઢમં હવઈ મંગલં
ઉઁ નમો ભગવતે વાસુદેવાય
ઉઁ નમઃ શિવાય
જય સચ્ચિદાનંદ

પ્રકાશક:

દાદા ભગવાન આરાધના ટ્રસ્ટ

૫, મમતાપાર્ક સોસાયટી, નવગુજરાત કોલેજની પાછળ

ઉસ્માનપુરા, અમદાવાદ-૩૮૦૦૧૪, ગુજરાત, ભારત.

ફોન: (૦૭૯) ૨૭૫૪૦૪૦૮.

E-mail: info@dadabhagwan.org

Website: www.dadabhagwan.org

©: All Rights Reserved – Dada Bhagwan Aradhana Trust

Address as above

મુદ્રક:

અંબા ઓફસેટ

B – ૯૯, ઇલેક્ટ્રોનિક જી.આઇ.ડી.સી., K- ૬, સેક્ટર – ૨૫, ગાંધીનગર

ગુજરાત (ભારત) ફોન: (૦૭૯) ૩૯૮૩૦૩૪૧ / ૪૨

પ્રાપ્તિ સ્થાન:

ત્રિમંદિર, સીમંધર સીટી, અમદાવાદ કલોલ હાઇવે,

અડાલજ, જી. ગાંધીનગર – ૩૮૨૪૨૧. ગુજરાત, ભારત.

ફોન: (૦૭૯) ૩૯૮૩૦૧૦૦, ૩૯૮૩૦૦૩૪

E-mail: balvignan@dadabhagwan.org

Available on online store : https://store.dadabhagwan.org/

Website: kids.dadabhagwan.org

પહેલી આવૃત્તિ : ૧૦૦૦ કોપી, નવેમ્બર : ૨૦૧૮

મુલ્ય: ₹ ૧૨૦/- *(૪ બુકનો સેટ)*

રોના, એક જાપનીસ છોકરી હતી. એને ક્રિએટિવ ક્રાફ્ટ બહુ ગમતું.

એક દિવસ એણે પેપરમાંથી માણસો બનાવ્યા, જેને એ 'ઓરીગ' કહેતી. અને પછી એ લોકોને રહેવા માટે નાનકડું શહેર પણ બનાવ્યું, જેને એણે નામ આપ્યું 'ઓરિંગ્ટન'.

અચાનક રાત્રે...પેપરના બનાવેલા આ માણસો જીવતા થઈ ગયા!

હવે જોઈએ આ બધું કેવી રીતે થયું અને આ દરેક ઓરીગ્સની ખાસિયત શું છે!



પર્સી પહેલી વારમાં જ ગમી જાય એવો એક હસમુખો ઓરીગ હતો. એ કાયમ ખુશ રહેતો. તેનામાં રહેલી પોઝીટીવીટી, ચમકતા સૂર્ય જેવી તેની ભૂરી આંખોને, કાળા વાળને અને ગુલાબી ગાલને અનેરી ચમક આપતી હતી.



એક દિવસ અમુક ઓરીગ પાર્કમાં ક્રિકેટ રમી રહ્યા હતા. સેમ્યુઅલ બેટીંગ કરતો હતો. એક બોલમાં એણે જોરથી બેટિંગ કરી બોલને હવામાં ઊંચે ફંગોળી દીધો.

"મેં પકડી લીધો!" એમ ચીસ પાડતા પર્સી એને પકડવા દોડ્યો.

"મેં પકડ્યો છે...!" એ જ વખતે ગ્રેવિને પણ બૂમ પાડી.

તે બંને ફિલ્ડિંગ ટીમમાં હતા. બંને ઓરીગ બોલને જોવામાં એટલા વ્યસ્ત હતા કે એકબીજા પર તેમનું ધ્યાન જ નહોતું. અચાનક તેઓ જોરથી એકબીજાને ભટકાયા.. ધડામ!!

"આઉચ... !!! મારો હાથ," પોતાનો જમણો હાથ પકડતા ગ્રેવિને બૂમ પાડી. એને ખૂબ દુઃખાવો થઈ રહ્યો હતો.

"અરે યાર !... મારો હાથ પણ દુઃખે છે," પર્સી બોલ્યો. પીડાથી રડવાના બદલે તે હસતો હતો. આ જોઈ ગ્રેવિન ગુસ્સે ભરાયો.

"આમાં કંઈ હસવા જેવું નથી !" ગ્રેવિન અકળાયો. "મને બહુ દુઃખાવો થાય છે."

"આમાં દુઃખી થવા જેવું પણ નથી. મને પણ દુઃખે છે !" પર્સી બોલ્યો, "પણ આનંદમાં રહેવાથી જલ્દી મટી જાય."

ગ્રેવિન ધુંઆપુંઆ થતા બોલ્યો, "સારું, તો તું રહે આનંદમાં."



બંનેનો જમણો હાથ મચકોડાઈ ગયો હતો. ડૉક્ટરને મળ્યા પછી બંનેને પાટો બંધાવવો પડ્યો.

પાટો બંધાવ્યા પછી પાછું ગ્રેવિનથી સહન નહોતું થતું.

"આ દુઃખાવો ય ઓછો નથી થતો."

"મને બહુ દુઃખે છે" કહેતા ગ્રેવિન રડી પડ્યો. "અને હવે તો ભણવામાં પણ પાછળ રહી જઈશું"

"ના, એવું કંઈ નહીં થાય. ખરેખર તો હવેની પરીક્ષામાં આપણે આગળ નંબર લાવી શકીશું." પર્સીએ કહ્યું.

"આગળ નંબર ? એ કેવીરીતે ? હવે તો આપણે થોડો ટાઈમ ભણી નહીં શકીએ." ગ્રેવિને પૂછ્યું.

"ના, ના. સાંભળ. હવે આપણે થોડો ટાઈમ લખી નહીં શકીએ એટલે ક્લાસમાં ટીચર જે ભણાવે એમાં આપણે ફૂલ ધ્યાન આપી શકીશું."



"એટલે સાંભળવામાં ધ્યાન આપવાથી આપણને બધું વધું સારી રીતે સમજાઈ જશે અને યાદ રહી જશે. પછી જ્યારે આપણો હાથ સરખો થઈ જશે ત્યારે આપણે એ બધું લખશું જેથી એ આપણને એકદમ પાક્કું થઈ જશે."

ગ્રેવિનના મોઢા પર ચમક આવી, "વાહ ! આવું તો મને સૂઝ્યું જ નહીં. ગ્રેટ" કહી એણે હાથ ઊંચો કર્યો.

"આહ..." હાથને ઝટકો લાગતાં એને દુઃખાવો વધી ગયો.

"રીલેક્સ ગ્રેવિન" પર્સીએ ગ્રેવિનને પકડી લીધો.



"ઓહ, બહુ દુઃખે છે." ગ્રેવિનનું મોઢું ફરી રડમસ થઈ ગયું. "હું તને એક આઈડીયા કહું જેનાથી તારો દુઃખાવો એકદમ ભાગી જશે." પર્સીએ કહ્યું.

"કહે"

"જ્યારે તને બહુ દુઃખે ત્યારે તારે એ વિચારવાનું કે મારો એક જ હાથ ભાંગ્યો છે. બીજો તો સારો છે ને. બે પગ સારા છે. આંખો સારી છે. મગજ સારું ચાલે છે, હું બોલી શકું છું, સાંભળી શકું છું. આટલા બધા અંગોમાંથી ફક્ત એક જ અંગ ડેમેજ થયું છે. અને એ પણ થોડો સમય પૂરતું જ. તો તો હું કેટલો લકી કહેવાઉં."



"ઘણાંને તો બે પગ નથી હોતા, બિલકુલ જોઈ નથી શકતા એવા લોકોય હોય છે. એના કરતા જો મારી હાલત ઘણી ઘણી સારી છે."

ગ્રેવિન પર્સીને જોઈ જ રહ્યો. એના મોઢા પર પીડાની કોઈ અસર જ નહોતી.

"તારી વાત સાચી છે. હું આવું ગોઠવવાનો પ્રયત્ન કરીશ. પણ મને ખરેખર બહુ દુઃખે છે." ગ્રેવિન ફરીથી બોલ્યો.

"તું ચિંતા ના કર. બધું બરાબર થઈ જશે," પર્સીએ સાંત્વના આપતા કહ્યું. પોતાને દુઃખાવો હોવા છતાં તે પોઝીટીવ રહ્યો.



એક અઠવાડિયું ઝડપથી પસાર થઈ ગયું અને ડૉક્ટરને ફરીથી મળવાનો સમય આવી ગયો. પહેલા પર્સી એમની કેબિનમાં ગયો.

"હેલ્લો પર્સી," ખુશ મિજાજવાળા ડૉક્ટરે તેને આવકાર્યો અને તેનો પાટો છોડીને તેનો હાથ તપાસ્યો. "કેવું લાગે છે?"

"બહુ સરસ! સંધાય રહ્યું છે" પર્સીએ જવાબ આપ્યો. અને સ્કૂલમાં લખવાનું નથી એની એ મજા લઈ રહ્યો છે, એ બધી વાતો ડૉક્ટરને કહી.

પર્સીનું બોલવાનું ચાલું હતું, "મને વાંચન કરવાની અને રમવાની મજા આવતી હતી! હું બોલને કીક તો મારી જ શકતો હતો. આમ હું મારી જાતે ફૂટબોલ રમતો હતો." પર્સીનો આનંદી સ્વભાવ જોઈને ડૉક્ટરના ચહેરા પર સ્મિત આવી ગયું.

"બધું સરસ લાગે છે. હાથને સંધાવામાં વાર નહીં લાગે. આવતા અઠવાડિયે મને ફરીથી આવીને બતાવી જજે." ડૉક્ટરે ખુશ થઈને કહ્યું,

પર્સીએ ખુશ થઈને ત્યાંથી વિદાય લીધી.

હવે ગ્રેવિનનો વારો હતો.

"હેલ્લો ગ્રેવિન, કેમ છે?" ડૉક્ટરે પૂછ્યું.

"ડૉક્ટર, હાથને એક જ પોઝીશનમાં રાખીને હું તો બહુ કંટાળી ગયો છું. મને એટલું બધું દુઃખે છે કે મને તો લાગે છે કે મારો હાથ સાજો થવામાં બહુ સમય લાગશે." ગ્રમ્પી ગ્રેવિને હંમેશ મુજબ ફરિયાદ કરતા કહ્યું, "હું બરાબર ખાઈ નથી શકતો, સૂઈ નથી શકતો. અને મારી બુક પણ મારાથી સરખી રીતે પકડાતી નથી, એવો કંટાળો આવે છે ને કે શું કહું..." ગ્રેવિન આવ્યો ત્યારથી તેણે માત્ર પોતાની અકળામણ ઠાલવવાનું જ કામ કર્યું. બિચારા ડૉક્ટરનું માથું ભારે થઈ ગયું.



ગ્રેવિનનો હાથ તપાસ્યા પછી ડૉક્ટરને લાગ્યું કે તેનો હાથ હજી બરાબર સંધાયો નથી. ડૉક્ટરને સમજાઈ ગયું કે ગ્રેવિનને નેગેટીવ વિચારધારા જ તેને જલ્દી સાજા થવામાં બાધારૂપ બની રહી છે.

તેમણે ગ્રેવિનને આવતા અઠવાડિયે ફરીથી મળવા આવવા જણાવ્યું.

બીજું અઠવાડિયું વીતી ગયું અને બંને ઓરીગ ડૉક્ટરને મળવા આવ્યા.

પર્સી પહેલા મળવા ગયો અને પછી તે ખુશખુશાલ થઈને ડૉક્ટરની કેબિનમાંથી બહાર આવ્યો.

"પર્સી, તારો હાથ કેમ છે ?" પર્સીને પાટો નીકળી ગયેલો જોઈને ગ્રેવિને પૂછ્યું. પર્સીએ ખુશીથી કહ્યું કે, "મારો હાથ બરાબર સંધાઈ ગયો છે અને હવે મને દુઃખાવો નથી થતો, તને કેમ છે ?"

થોડીવારમાં ડૉક્ટરે ગ્રેવિનને બોલાવ્યો.

ગ્રેવિનનો હાથ તપાસતા હતાશ થઈને ડૉક્ટરે કહ્યું, "હમમમમ, મને લાગે છે કે તને હજી બહુ ફરક નથી પડ્યો." આ સાંભળીને ગ્રેવિન ઉદાસ થઈ ગયો.



તેણે પૂછ્યુ, "ડૉક્ટર, પર્સીનો હાથ આટલો જલ્દી કેવી રીતે સાજો થઈ ગયો ? મારો હાથ કેમ હજી પણ દુ:ખે છે ?"

ડૉક્ટરે બંનેના સ્વભાવની ભિન્નતા પર ફરીથી વિચાર કર્યો. અચાનક તેમને પોતાની મમ્મીએ એક વાર કહેલી વાત યાદ આવી ગઈ.

"ગ્રેવિન, મારી મમ્મી મને હંમેશા કહેતી હતી કે જ્યારે પણ ખરાબ પરિસ્થિતિનો સામનો કરવો પડે, ત્યારે હંમેશા પોઝીટીવ રહેવાનો પ્રયત્ન કરવો જોઈએ. પોઝીટીવ વિચારો કરવાથી અને આનંદમાં રહેવાથી આપણામાં પોઝીટીવ શક્તિ ઉત્પન્ન થાય છે, જેનાથી પોઝીટીવ પરિણામો આવે છે."

તે આપણા માટે એક કવચની જેમ કામ કરે છે.



"ગ્રેવિન, તારે પણ પોઝીટીવ રહેવાનો પ્રયત્ન કરવો જોઈએ." પર્સી આ જ પરિસ્થિતિમાં કેવી રીતે આનંદમાં રહ્યો એનું વર્ણન ડૉક્ટરે એની પાસે કર્યું.

"સાચે?" ગ્રેવિને આશ્ચર્યથી કહ્યું.

ગ્રેવિન વિચારશીલ તો હતો જ.

ડૉક્ટરની વાતથી એનું ચક્કર ચાલુ થયું.

"શું ખરેખર આવું બની શકે? વાત તો કામની લાગે છે. પર્સીએ મને પહેલાં જ કહ્યું હતું."

આમ તો આવી બાબતો તે જલ્દી સ્વીકારતો નહીં. પણ જેમ જેમ તે વધારે વિચારતો ગયો તેમ તેમ આ વાત પર અમલ કરવાની તેની ઈચ્છા વધતી ગઈ. અને ગ્રેવિને પોઝીટીવ રહેવાનું નક્કી કર્યું.

બીજા દિવસે તે પાર્કમાં હેગ્રીડને મળ્યો. તેના હાથમાં પાટો જોઈને હેગ્રીડે પૂછ્યું, "હેલ્લો, તારો હાથ તૂટી ગયો છે?"

ગ્રેવિનને અઘરું તો હતું છતાં તેણે પોઝીટીવ જવાબ આપ્યો, "અરે ના, હવે તો સંધાઈ રહ્યો છે. પહેલા કરતા ઘણું સારું છે."

ગ્રેવિનને ખુશ જોઈ હેગ્રીડ પણ રાજી થયો. તેણે કહ્યું, "ગુડ લક માય ફ્રેન્ડ, ગેટ વેલ સુન." આટલું કહીને તે ત્યાંથી ચાલ્યો ગયો.

હંમેશા દુઃખી રહેવાના બદલે ગ્રેવિન ખુશ રહેવા લાગ્યો.

ક્યારેક એ ગુસ્સે થઈ જતો ત્યારે તે પોતાની જાતને પોઝીટીવ બાજુ શોધી કાઢવા કહેતો.

અઠવાડિયું પૂરું થવાનું હતું ત્યારે તેણે પોતાનો હાથ સાજો થયો હોય એવું અનુભવ્યું.

ડૉક્ટર પણ તેનો હાથ તપાસીને આશ્ચર્યચકિત થઈ ગયા, "અરે વાહ! ગ્રેવિન, તારો હાથ તો એકદમ સંધાઈ ગયો છે"

અને ગ્રેવિનને પણ હવે પર્સીનો હાથ સંધાવાનું રહસ્ય સમજાઈ ગયું.

તે પોઝીટીવીટીની શક્તિથી ખુબ પ્રભાવિત થયો હતો. શું તમને લાગે છે ગ્રમ્પી ગ્રેવિન હવે કાયમ પોઝીટીવ રહેશે ? શું તમે ક્યારેય પોઝીટીવીટીની શક્તિનો અનુભવ કર્યો છે ?

કાયમ પોઝીટીવ રહેવાની
પોઝીટીવ પર્સીની ખાસિયતે ખરેખર
કંઈ કમાલ કર્યા?
ચાલો જાતે જ જાણીએ...

બુક ઓફ હેપીનેસ

GNC
જ્ઞાનીની જ્ઞાનમાં વાચકો ખીલે...

ISBN 978-93-87551-05-3
9 789387 551053
Printed in India
₹ 120 (૪ બુકનો સેટ)